## વડીલોએ અમારો સંપર્ક કરવો...

આ એક એવી કન્યા છે કે,
જેની ઉપસ્થિતિ માત્રથી કરોડો કમાવાની શક્યતા
છતાં અનીતિના રસ્તે કદમ માંડવાનું તમને મન થતું નથી.
રૂપવતી કન્યાઓની હાજરી
છતાં તમારા હૃદયમાં અપવિત્રતાના પ્રવેશ પર પાબંધી લાગી જાય છે.
ઉદાર બન્યા વિના તમે રહી શકતા નથી
અને કઠોર તમે બની શકતા નથી.
કપટ કરવાનું તમે વિચારી શકતા નથી
અને સરળ બન્યા વિના તમે રહી શકતા નથી.
એ કન્યાનું નામ છે સદ્‌બુદ્ધિ.
એની સાથે અમારે લગ્ન કરવા છે.
વડીલોએ અમારો સંપર્ક સાધવો.

## એટમબૉંબ ખરીદવો છે....

વરસોથી અમારા જીવન નગરમાં ઊભાં છે લોભનાં મકાનો.
નગરના એક ખૂણામાં ઊભી છે વાસનાની બિહામણી ધર્મશાળા.
નગરના રસ્તાઓ ઉપર હારબંધ ઊભાં છે ઈર્ષ્યા અને અપેક્ષાનાં કાંટાળાં વૃક્ષો.
થાંભલાઓને બંધાયા છે આવેશના કાતિલ વાયરો.
વૈરવૃત્તિના ઊભા થયા છે તોતિંગ થાંભલાઓ
કૃતઘ્નતાની કાળાશથી વ્યાપ્ત થઈ ગઈ છે નગરની સંપૂર્ણ જમીન.
આ તમામને ગણતરીની પળોમાં ધ્વસ્ત કરી નાખે એવો
સમ્યક્ સમજણનો એટમબૉંબ શોધાયાના
અમને પાકે પાયે સમાચાર છે.
અમને આ એટમબૉંબ ખરીદવામાં રસ છે.
જેમને વેચવામાં રસ હોય એ અમને મળે.

## પુનઃ પ્રતિષ્ઠા માટે...

સહુની નજરે સુખી દેખાતો છતાં ખરેખર દુ:ખને અનુભવતો
હું જગત સમક્ષ ખોળો પાથરીને અપીલ કરું છુ કે
નાની વયમાં મારી આંખોમાં એક એવો
વિસ્મયભાવ હતો કે જે વિસ્મયભાવ મને ગલુડિયામાં
મારા જિગરજાન મિત્રના દર્શન કરાવતો હતો,
જે વિસ્મયભાવ મને પતંગિયામાં સ્વર્ગના દર્શન કરાવતો
હતો અને જે વિસ્મયભાવ મને પ્રતિમામાં પરમાત્માનાં દર્શન કરાવતો હતો
એ વિસ્મયભાવની મારી આંખમાં મારે પુનઃ
પ્રતિષ્ડા કરવી છે. એ માટે કોઇ વિધિકારક મળશે?

jainuniversity.org

## શોધાયું હોય તો કહેજો...

હંસને મેં જોયો બહારથી ય ઊજળો અને અંદરથી ય ઊજળો.
કાગડાને મેં જોયો બહારથી ય કાળો અને અંદરથી ય કાળો.
પણ જ્યાં બગલો મારી આંખ સામે આવ્યો, હું થથરી ગયો.
એનામાં મને મારા દર્શન થયા.
બહારથી ઊજળો, અંદરથી કાળો.
બહારથી સજ્જન, અંદરથી શેતાન!,
બહારથી ગુણવાન, અંદરથી દંભી!,
બહારથી પવિત્ર, અંદરથી લંપટ!,
અંતઃ કરણની કાળાશને દૂર કરી દે
એવું 'ક્રીમ' શોધાયું હોય તો મારે એની જરૂર છે.

सर्व ज्ञानाय भवतु

## છે કોઈ દવા?...

દૂધ મોળુ લાગે અને મને તુર્ત સાકર યાદ આવી જાય છે.
શાક તીખું લાગે છે અને મને તુર્ત મરચું યાદ આવી જાય છે.
દુર્ગંધનો અનુભવ થાય છે અને મારી આંખ સામે તુર્ત વિષ્ટા આવી જાય છે.
સુવાસની મને અનુભૂતિ થાય છે અને મને તરત અત્તર યાદ આવી જાય છે.
મારી આ યાદશક્તિ બદલ મને હમણાં જ કોલેજમાં એવોર્ડ મળ્યો છે
પણ જીવનમાં સુખ ઓછું લાગતા અને ધર્મ યાદ આવતો નથી,
દુ:ખ વધુ લાગતા મને પાપ યાદ આવતું નથી.
મારી આ વિસ્મરણશીલતાની દવા કોઈની પાસ છે ખરી?

## ચમત્કાર કરવો છે...

વય માત્ર તેની ૮ વરસની,
અને વજન ૫૮ કિલો!
અને બુદ્ધિ ૩૦ વરસના યુવક જેટલી!
વય ૪૫ વરસની
અને નાદાનિયત ૫ વરસનાં બાળક જેવી!
વય ૫૦ વરસની
અને ભ્રમિત મન ૭ વરસનાં બાળક જેવું!
વય ૭૦ વરસની
અને ભોગવૃત્તિ ૨૦ વરસના યુવક જેટલી!
૨૧મી સદીના આ વાતાવરણથી
મુક્ત થઈને અમે ૧૪મી સદીમાં ચાલ્યા
જવા માગીએ છીએ.
એવા જાદુગરે અમારો સંપર્ક કરવો
કે જેનામાં આ ચમત્કાર કરવાની તાકાત હોય!

## અક્કલ જોઈએ છે...

પૈસા લીધા વિના જ માલ લેવા
દુકાને આવી જતો
ઘરાક મને નથી જ ગમતો.
નિદાન કર્યા વિના જ વદા લખી આપતા
ડોકટર મને નથી જ ગમતા.
ઘરે પાણી લેવા આવી જતા પડોશીનાં
બાળકો મની નથી જ ગમતા.
બેટ લીધા વિના જ મેદાન પર ક્રિકેટ રમવા
આવી જતા યુવકો મને નથી જ ગમતા.
સામી વ્યક્તિને સાંભળ્યા વિના એને સલાહો
આપતા રહેવાની
મારી ચેષ્ટા પણ એને નહીં જ ગમતી હોય
આટલી અક્કલ મારામાં આવી જાય
એવી મારી ઈચ્છા છે. કોઈ આપશો?

jainuniversity.org
सर्व ज्ञानाय भवतु

## જોઈએ છે માર્ગદર્શન

મમ્મીને 'બા' કહેવાની હિંમત મારામાં પ્રગટી જાય,
પપ્પાને 'પિતાજી' કહેવાની સદ્બુદ્ધિ મારામાં આવી જાય,
પીઝાને બદલે રોટલા પર પસંદગી ઉતારવાની મને ફાવટ આવી જાય,
'હેલો' ને બદલે 'કેમ છો?' બોલવામાં મને મજા આવી જાય.
'સોરી' ને બદલે 'માફ કરજો'ની મીઠાશ મારી જીભ પર પ્રગટી જાય અને
રૂપિયાની ભાષામાં વાત કરવાને બદલે પ્રેમની ભાષામાં વાત કરવાનો મારો સ્વભાવ બની જાય,
આવી 'પીછેહઠ' કરી દેવાની મારી ઝંખનાને મારે
ચરિતાર્થ કરવી છે. માર્ગદર્શનની જરૂર છે.

jainuniversity.org

## મને કોઈ સમજાવશો?...

કોયલે ગમે તેટલાં વરસો પછી ય જો પોતાનો ટહુંકો સાચવી જ રાખ્યો છે,
સાકરે ગમે તેટલા વરસો પછી ય પોતાનામાં રહેલ મીઠાશ જો ટકાવી જ રાખી છે,
અત્તરને પોતાની સુવાસ ટકાવી રાખવામાં જો વરસો પછી ય કોઈ તકલીફ નથી જ પડી,
મોરના કેકારવના અવાજમાં વરસો પછીય જો કોઈ જ ફેરફાર નથી જ થયો તો પછી
બાલ્યવયમાં મારામાં રહેલ નિર્દોષતા અને પવિત્રતા, વિસ્મયભાવ અને સમર્પણભાવ,
સરળતા અને સહજતા આ તમામ ગુણોનું ઉંમર વધતા બાષ્પી ભવન કેમ થતું ચાલ્યું છે,
એ મારી સમજમાં આવતું નથી.
મને એ કોઈ સમજાવશો?...

## સૌંદર્ય સ્પર્ધા

અમે નદીને 'માતા' જાહેર કરી.
ઘીને 'જીવન' જાહેર કર્યું.
પૈસાને 'પ્રાણ' જાહેર કર્યો
તમાકુને 'કેન્સર' જાહેર કર્યું
પ્રતિમાને 'પરમાત્મા' જાહેર કર્યા
પણ અમને લાગ્યું કે ૨૧મી સદી સ્તબ્ધ
થઈ જાય એવું કોક ભવ્ય (?)
પરાક્રમ આપણે કરી દેખાડવું જોઈએ અને
કરોડો દર્શકો સામે પોતાના શરીર પરનાં વસ્ત્રો વધુને વધુ
સંખ્યામાં ઉતારવા યુવતીઓ જે સ્પર્ધામાં તૈયાર થઈ જાય એ સ્પર્ધાને
'સૌંદર્યસ્પર્ધા નામ આપી દીધું!'

सर्व ज्ञानाय भवतु

## ચમત્કાર સર્જવો છે....

હાથમાંથી કંકુ નીકળવાનો ચમત્કાર મેં મારી સગી આંખે નિહાળ્યો,
જાદુગરે સ્ટેજ પરથી યુવતીને ગાયબ કરી દીધાનો ચમત્કાર મેં ખુદ જોયો છે.
માથે હાથ મૂકતાંની સાથે જ માથાનો દુ:ખાવો દૂર થઈ ગયાના ચમત્કારની વાતો
મેં સાંભળી છે.
ગળામાંથી કોયલનો અવાજ કાઢવામાં માણસે મેળવેલ સફળતાનો ચમત્કાર મેં પોતે અનુભવ્યો છે.
કપડાં પર આગની જ્યોત મૂકવા છતાં કપડું આંશિક પણ ન સળગ્યું એ ચમત્કાર મેં જોયો છે.
પણ હવે હું એવો ચમત્કાર અનુભવવા માગું છુ કે જ્યાં
મારી આંખમાં રહેલ વિકારોના સ્થાને પવિત્રતા ગોઠવાઈ જાય.
મનમાં રહેલ તૃષ્ણાનું સ્થાન સંતોષ લઈ લે.
હૈયામાં રહેલ ઈર્ષ્યાનું સ્થાન પ્રમોદભાવને મળી જાય.
આવા ચમત્કારો સર્જી શકતા હોય એવા જાદુગરના સ્પર્કની મને ઈચ્છા છે......

## પસંદગી બે નંબરની

કાગળ તો બન્નેને કોરા જ આપવામાં આવ્યા હતા,
એકે એના પર ગાળો લખી, બીજાએ સ્તુતિઓ!
પથ્થર તો બન્નેના હાથમાં એક સરખા જ આપવામાં આવ્યા હતા,
એકે એનાથી કોકનું માથું ફોડ્યું, બીજાએ એમાંથી પ્રભુની પ્રતિમા બનાવીહ
આંખો તો બન્નેને તેજસ્વી જ મળી હતી,
એકે સ્રીઓ જોઈ, બીજાએ પ્રભુ!
સંપત્તિ તો બન્નેને ચિક્કાર મળી હતી,
એકે વેપારી ભોગવિલાસમાં, બીજાએ કોકનાં આંસુ લૂછવામાં!
મન તો બન્નેને સરખું જ મળ્યું હતું. એક ચડયો વાસનામાં, બીજો ચડ્યો ઉપાસનામાં!
મારે ‘બે નંબરના’ બનવું છે. કોઈ બનાવશો?

## સાચા પ્રેમનું સરનામું...

મારા પ્રત્યે કોકે લાગણી દર્શાવી. એ લાગણીને હું ‘પ્રેમ’
માની બેઠો. એનો પ્રેમ પામવા મેં એને જીવન સોંપી દીધું.
ખૂબ મોડો ખ્યાલ આવ્યો કે માત્ર લાગણી એ
‘પ્રેમ ઓછો’ હોય છે, ‘વાસના વધુ’ હોય છે.
સાચો પ્રેમ માત્ર લાગણી પ્રદર્શિત કરીને હાથ ઊંચા નથી કરી દેતો.
એ તો પોતાના સુખનું, સગવડોનું, અપેક્ષાઓનું બલિદાન દઈને ય સામાની પ્રસન્નતામાં
નિમિત્ત બનવા સદાય તત્પર અને તૈયાર હોય છે.
આવો પ્રેમ મારે પામવો છે અને આવો જ પ્રેમ મારે બીજાઓને આપવો છે.
એ માટેનું સરનામું મારે જોઈએ છે.

# મેળ પાડવો છે.

એક કાંકરે, બે પક્ષીને મારી શકાય છે
એ વાત તો સેંકડો વખત મારા કાન સાંભળી ચૂક્યા છે.
એક જ બોમ્બ લાખોને પરલોકમાં રવાના કરી શકે છે,
એ વાત પણ મારા કાન અનેક વખત સાંભળી ચૂક્યા છે
પણ હમણાં હમણાં એક નવી વાત મારા કાને આવી છે.
એક પણ કાંકરો નાખ્યા વિના બધા જ પક્ષીઓને જિવાડી શકાય છે.
અને એક પણ બોમ્બ ઝીંક્યા વિના બધાં જ પશુ-પંખી-કીડા-મંકોડા-માનવોને
બચાવી શકાય છે. આ નવી વાતનો
મારા જીવન સાથે મારે મેળ પાડી દેવો છે.

(શુભ સમાચાર આ. રત્નસુંદરસૂરીશ્વરજી મ.સા. પુસ્તકમાંથી સાભાર)

jainuniversity.org
सर्व ज्ञानाय भवतु